**પ્રતિ,**
**માનનીય આચાર્યશ્રી**
**નારાયણ વિદ્યાલય,ભરૂચ**



**મોની પટેલ**
(અભિનેત્રી- ભુરી ભાભી)
**તા. ૩૦/૧/૨૩**

આપશ્રી નાં આમંત્રણને માન આપી તા ૨૬/૧૨/૨૨ નાં સાંસ્કૃતિક મહોત્સવમાં હું અને અમારા સાથી કલાકાર અભિનેતા આકાશ ભીલ તેમજ દિગ્દર્શક કિશોર બી. ગોટી સાથે હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થી એ ખુબ સુંદર અને અદ્દભૂત રજૂઆતો કરી હતી. અને નાના-નાના છોકરાઓ એ પણ પોતાના ટેલન્ટથી દર્શકોને મંત્રમુંગ્ધ કરી દીધાં હતાં. મેં આ કાર્યક્રમને ખુબ જ માણ્યો ખુબ જ મજા આવી, અને એક પછી એક ડાન્સ અને નાટક સ્ટેજ પર રજૂ થઇ રહ્યાં હતાં. દરેક નાટકમાં કોઇને કોઇ સારો સંદેશો મળતો હતો.

શ્રી નારાયણ વિદ્યાલયમાં શિક્ષણ તો સારું છે જ સાથે બાળકોમાં સારી કેળવણી , સારા સંસ્કાર પણ અપાઇ રહ્યાં છે. આ કાર્યક્રમ મને ખૂબ ગમ્યો સાથે-સાથે શિક્ષક વર્ગનો પણ ખૂબ આવકાર મળ્યો. અને સન્માન મળ્યું. તે બદલ ડૉ. ભગુભાઇ પ્રજાપતિ સર અદે અમારી સાથે જોડાયેલ અરવિંદભાઇ પરમારનો ખુબ ખુબ આભાર અને હવે પછીના કાર્યક્રમોમાં પણ હું ચોકકસ હાજરી આપીશ.પ્રણામ.....

---

**પ્રતિ,**
**માનનીય આચાર્યશ્રી**
**નારાયણ વિદ્યાલય,ભરૂચ**

**અરવિંદભાઇ પરમાર**
શાળાનાં શિક્ષક અને ફિલ્મી કલાકાર

માનનીય સર, આપનું પથદર્શન અને પ્રેરણા અમારું સૌનું માર્ગદર્શન અને પ્રોત્સાહન વિદ્યાર્થીઓની મેહનત અને જુસ્સો આ ત્રિવેણી-સંગમનાં કારણે જ્ઞાનોત્સવ ૫૮૦ પ્રોજેકટ પ્રદર્શને અપ્રતિમ સફળતા પ્રાપ્ત કરી છે. આપશ્રીની વિચારસરણી ખરેખર કાબીલેદાદ છે. સર અધધ વિષયોની શ્રેણી કેટલાય મનેમંથન પછી રચાય છે. એક તપસ્વી કરતાં પણ અતિ ગૂંઢ ગહેરું ચિંતન સાઠે બુદ્ધિ નાઠી એવું કહેવાય છે. અરે એક ઉત્તમ ફળ આપતું વૃક્ષ પણ ઉંમર થતાં રસકસ વગરનાં ફળ આપે છે. પણ આપશ્રીએ ઉંમર વધવા છતાં શિક્ષણ જગતમાં એક ઇતિહાસ રચ્યો. કોઇની કલ્પના પણ ના પહોંચે એ હદ સુધીનાં એકથી એક ચડિયાતાં વિષયોની રજૂઆત મગજ ચકરાવે ચડી જાય.

**I am obliged and Happy as Dr. Bhagubhai I. Prajapati have give me guidance and supports** આપના આ અગાધ જ્ઞાનનો લાભ આવનારી પેઢીને અવિરતપણે મળતો રહે એ જે અભ્યર્થના સહ.. અંતે શતમ જીવ શરદઃ

---

**Dr. Bhagubhai I. Prajapti**
Director & Principal
(Non-Granted Guj Med.)

**By Ajay Dubey**
**Warrant Officer (Air Force Retired)**

14th Nov 2022 was definitely a fortunate day of my life as the same day I was offered to join with this school as an Advisor. Motivation and intuition of students of this school towards Defence Services was a challenging task but I had accepted and of course I was confident too with my long background of 20 years in Air Force.

I was being welcomed by students of each classes byGuru Mantra, Gayatri Mantra and Maha-Mrityunjaya Mantras. It was showing an exemplary level of discipline of students in this school. I wll be the witness of grand projects Exhibition with 580 projects and Three grand cultural programeof all section. in which 100% sdents were participated. On December 8th, was a prideful moment for entire school as our Director and Principal Mr.Bhagubhai I Prajapati had won an International award, "INDO BALINESE ACHIEVER AWARD FOR EDUCATION EXCELLENCE" at Indonesia.

**<u>જ્ઞાનોત્સવ- ૫૮૦ પ્રોજેકટનું ભવ્ય પ્રદર્શનનો પ્રતિભાવ</u>** **જગદીશભાઇ પરમાર**

(પત્રકાર અને સામાજીક સેવાભાવી કાર્યકર)

## <u>જ્ઞાનોત્સવ સાચા અર્થ માં જ્ઞાનનો મહાઉત્સવ બની રહયો.</u>

તારીખ ૫-૬-૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ભરૂચમાં અગ્રેસર ગણાતી નારાયણ વિદ્યાલયના "જ્ઞાનોત્સવ" ના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જ્ઞાનોત્સવ દરમ્યાન શાળાના ડાયરેકટર ડો. ભગુભાઇ પ્રજાપતિ અને તેમના કર્મનિષ્ઠ આચાર્યો, શિક્ષકો અને જ્ઞાન પિપાસુ વિદ્યાર્થીઓને મળી ખરેખર ધન્યતા અનુભવી.

ત્રિદિવસીય "જ્ઞાનોત્સવ" સાચા અર્થમાં જ્ઞાનનો મહોત્સવ બની રહયો. અદભૂત ઉત્સવ હતો. નારાયણ વિદ્યાલયની નવી અને જૂની બિલ્ડીગ તથા ત્રિમૂર્તિ હોલ અને તેના મેદાનમાં જ્ઞાનનો સાગર જાણે હિલ્લોળા લેતો હતો. અને ઉત્સવમાં જોડાયેલ પ્રત્યેક વિદ્યાર્થી અને વાલી સહિતના વ્યકિતઓ જ્ઞાનના ઉછળતા મોજાઓથી ભીજતા હતા. એક અહલાદક અનુભૂતિ હતી. ઉર્જા, ઉત્સાહ અને ઉમંગથી હર્યા ભર્યા વાતાવરણમાં શ્રધ્ધાભેર પ્રગટાવેલા શિક્ષણ યજ્ઞની પવિત્રતાની પ્રતિતિ થતી હતી.

વિવિધ વિષયો સાથેના ૫૮૦ જેટલા પ્રોજેકટોનું પ્રદર્શન અને તેની સાથે જોડાયેલા ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ કોઇ મહાયજ્ઞમાં પૂરી તન્મયતાથી શ્રધ્ધાભેર શબ્દોની આહુતિ આપતા ઋષિકુમારો જેવા લાગતા હતા. કયાંક કોઇ ઓરડામાં રાજા વિક્રમાદિત્યની ૩૨ પૂતળીઓની કથા વહેતી હતી, તો કયાંક પ્રાચીન થી અર્વાચીન ભારતના મનિષિઓ, મહામાનવો, વિજ્ઞાનીઓ, કવિઓ, લેખકો, ક્રાંતિવીરો, સૂરવીર રાજાઓના જીવન ચરિત્ર વિદ્યાર્થીઓ દ્વારા જીવંત કરાયા હતા. દરેક પાત્રોના ઉચિત પહેરવેશ-પરિવેશ અને ભાવઅંગિમાઓ સાથે સચોટ રીતે રજૂ કરાતા સંવાદ દર્શકોને મંત્રમુગ્ધ કરતા હતા.

કલા-વિજ્ઞાન-સાહિત્ય-ઇતિહાસ-ભૂગોળ-ગીત-સંગીત સહિત દરેક વિષયો પર વિશિષ્ટ પ્રોજેકટ રજૂ કરાયા હતા. બાળ માનસની માવજત,વ્યકિતમાં રહેલી ઇન્ટેલીજન્સ, પરિક્ષામાં ૧૦૦% માર્કસ કઇ રીતે લાવવા, વાંચનની કળા કઇ રીતે ખિલવવી, લેખન પધ્ધતિ અને અક્ષર સુધારણા કઇ રીતે કરી કરી શકાય, યાદશકિત વધારવા શું કરવું જોઇએ?, વકતૃત્વ કલાનો વિકાસ કઇ રીતે કરી શકાય, પરીક્ષામાં આન્સર સીટમાં કઇ રીતે લખવું? જેવા વ્યકિતત્વ વિકાસના અનેક વિષયો પર કોઇ તજજ્ઞની જેમ વિદ્યાર્થીઓને સંવાદ કરતા જોઇ ખરેખર અભિભૂત થઇ જવાયું. બોર્ડની પરિક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓની હાજરી તો હજારો વિદ્યાર્થીઓ માટે દિવાદાંડી બની રહી હતી. નાના ભૂલકાઓએ ઉભી કરેલી ગ્રામ્ય સંસ્કૃતિ, ભાતીગળ કલા અને લોકસાંસ્કૃતિ વારસાની કૃતિઓએ તો દર્શકોને વાહ વાહ બોલવા મજબુર કર્યા હતા.

ત્રણ દિવસ, ત્રણ બિલ્ડીગમાં ૫૮૦ જેટલા પ્રોજેકટ નિહાળવામાં લાગતો થાક પણ કૃતિઓ જોઇને આનંદમાં બદલાઇ ગયો હતો.ત્રણે દિવસમાં મેં નોંધ્યું હતું કે ભરૂચ જિલ્લામાંથી અનેક શાળાઓએ "જ્ઞાનોત્સવ"નો લાભ તેમના વિદ્યાર્થીઓને મળી રહે તે માટે " શૈક્ષણિક પ્રવાસ" નું આયોજન કર્યુ હતું. ત્રણ દિવસ દરમ્યાન ૨૦૦ થી વધુ મહાનુભાવો અને ૬૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થી - વાલી અને શિક્ષકોએ "જ્ઞાનોત્સવ" નો લાભ લીધો હતો. ખરેખર રાજયમાં પહેલી વખત ત્રણ દિવસ સુધી જ્ઞાનનો આટલો મોટો ઉત્સવ મનાવવાનું શ્રેય નારાયણ વિદ્યાલયને આપી શકાય. જ્ઞાનના મહાઉત્સવ બદલ શાળાના ટ્રસ્ટી ગણ, સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને વંદન સહ અઢળક અભિનંદન.

### કર્મઠ શિક્ષક ગણનો શ્રેષ્ઠ પુરુષાર્થ

કલ્પના પણ ન આવે તેવા વિધ વિધ વિષયો પર બાળકો ને તૈયાર કરવા આ કંઇ સામાન્ય વાત ન હતી. ૫૮૦ જેટલા લાવઇ પ્રોજેકટ તૈયાર કરવા એ કંઇ ખાવાના ખેલ ન હતો. છતા શાળાના ડાયરેકટર ડો. ભગુભાઇ પ્રજાપતિની એક ટકોરને રણટંકાર સમજી શિક્ષકગણે "જ્ઞાનોત્સવ" નો ગોર્વધન ઉપાડી લીધો હતો.

રાતદિવસ મહેનત કરી વિદ્યાર્થીઓને તૈયાર કરી, શ્રેષ્ઠ આયોજન કરી ત્રણ ત્રણ દિવસ સુધી શાળાના શિક્ષકગણ સહિત તમામ કર્મચારીઓ ખડે પગે"જ્ઞાનોત્સવ" માં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા હતા. તેમના ચહેરા પર થાક નહી આનંદ અને ઉત્સાહ સહિત ઉર્જાના દર્શન થતા હતા. બધાજ પોતાના ભાગે આવેલી ફરજ પૂરી નિષ્ઠાથી નિભાવતા હતા. જ્ઞાનોત્સવમાં ખરેખર સાચા શિક્ષકત્વના દર્શન થયા હતા.